જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૦/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૧૬૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૩ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૬૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૬/૧૭**

**સરદારનગરઃ** ભાવનાબહેન મનોજભાઇ કેશવાણી (રહે.જુના જી-વોર્ડ ગુલશન પાર્ટીપ્લોટની પાછળ કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. તા.૨૪/૧૦/૧૭ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ સરદારનગર સર્વેલન્સ સ્કોડ ચલાવે છે.

**મણીનગરઃ** રાજેશભાઈ જયંતીભાઈ શાહ (રહે. નુતન પાટીદાર સોસાયટી, હિરાભાઈ કન્યા વિદ્યાલય પાસે, જવાહર ચોક, મણીનગર) એ તા.૨૪/૧૦/૧૭ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. તા.૨૧/૧૦/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૫/૧૦/૧૭ કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી આર.કે.અમીન ચલાવે છે.

**ઈસનપુરઃ** રફિકભાઈ ઈસ્માઈલભાઈ શેખ (રહે. છઠ્ઠા માળે એન.આર.-૨ (નવાબ રેસીડેન્સી) સિલ્વર પાર્ટી પ્લોટની સામે શાહ આલમ દરગાહની પાસે શાહ આલમ) એ તા.૨૪/૧૦/૧૭ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. તા.૨૦/૧૦/૧૭ બપોરના ૩/૦૦ થી તા.૨૫/૧૦/૧૭ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૮૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૭,૦૦૦/-મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી પંચાલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬૭/૧૭</u>**

**નિકોલઃ** વિશ્વમભર કામેશ્વરસિંહ રાજપુત (રહે.વિભાગ-૨, બાપુનગર) એ તા.૨૫/૧૦/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે ૮૦ ફુટ રોડ રામેશ્વર મંદિરની સામે ક્રિષ્ણા ઇન્ડસ્ટ્રીજ નામથી પોતાની કંપનીમાં કામ કરતો આરોપી હુસૈન ઝવેલસિદ્રુર રહેમાન (રહે.ગામ હુસેનાબાદ થાના લાલગોલા પોસ્ટ દંસબાડા જી-મુર્સીદાબાદ (પશ્ચિમ બંગાળ) તા.૨૦/૧૦/૧૭ ક્લાક ૧૧/૦૦ થી તા.૨૪/૧૦/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન કંપનીમાંથી તૈયાર લેડીઝ લેગીઝ આશરે નંગ ૮૦૦૦ થી ૯૦૦૦ તથા કાચો માલ લેડીઝ લેગીઝ નંગ-૨૦૦૦ મળી કુલ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬૮/૧૭</u>**

**સોલા હાઈકોર્ટઃ** હિરેન પ્રકાશભાઇ પટેલ (રહે. શ્યામ રેસીડેન્સી ન્યુ ઓડી શો રૂમની પાછળ સોલા ઓવરબ્રીજ પાસે સોલા) એ તા.૨૪/૧૦/૧૭ રાતના ૧૧/૦૦ વાગે સોલાબ્રીજ પાસે આવેલ ઓડીના શો રૂમ પાછળ મ્યુ.નિશિપલ ડંમ્પીગ સાઇટ પાસે આવેલ ખુલ્લી જગ્યામા પોતાની ટાટા ટ્રક નંબર જીજે ૨૭ ટી ૪૧૫૦ કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/-પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૫/૧૦/૧૭ કલાક ૮/૧૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હિરેન પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.ચૌધરી ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬૯/૧૭</u>**

**સોલા હાઈકોર્ટઃ** ભાવનાબહેન વા/ઓ પરેશભાઇ રબારી (ઉ.વ.૩૨) (રહે. વંદેમાતરમ ટાઉનશીપ ગેટ નંબર-૪ વંદેમાતરમ રોડ ગોતા) તા.૧૮/૧૦/૧૭ કલાક ૬/૫૦ વાગ્યાના સુમારે શાંતિ જુનિયર સ્કુલ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભાવનાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભાવનાબહેન રબારીએ તા.૨૫/૧૦/૧૭ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૭૦/૧૭</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ દિવ્યકાંત ચન્દ્રકાંત પંડયા** (ઉ.વ.૪૪) (રહે.સોમનાથ સોસાયટી સંજીવની હોસ્પીટલની બાજુમાં મણીનગર પુર્વ) એ **તા.૨૫/૧૦/૧૭ નારોજ "જે" ટ્રાફીક** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે દિવ્યકાંત પંડયાના બનેવી ઉપેન્દ્રભાઈ રતીલાલ વ્યાસ (ઉ.વ.૫૭) (રહે.આસોપાલવ સોસાયટી વટવા) સ્મૃતિમંદિર રોડ ઘોડાસર ચાર રસ્તા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા મોટર સાયકલના ચાલકે મોટર સયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ઉપેન્દ્રભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.નાગોરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૧/૧૭**

**કાગડાપીઠઃ** દિનાબહેન વા/ઓ દિપકભાઇ ચારણ (ઉ.વ.૩૭) (રહે.નવચેતન સોસાયટી બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૧૭ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** અક્ષયભાઇ ભરતભાઇ ચાવડા (ઉ.વ.૧૮) (રહે. ભક્તિ રેસિડન્સી અનીલ સ્ટાર્ચ રોડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૧૭ બપોરના ૧/૪૦ વાગ્યા પહેલા સુભાષબ્રીજ નીચે નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બળવંતભાઇ શંકરભાઇચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** રાજેશકુમાર નાનુભાઇ શાહ (ઉ.વ.૬૫) (રહે. મિરોલી વાણીયાવાસ તા.દસક્રોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૧૭ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પુર્વ કિનારે પગથીયા નં.૨૭ નજીક નદીમાં પડતુ મુકીઆત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.